# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૦૨/૦૫/૨૦૨૫ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૮૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૧૫ લીટર દેશી દારૂ, ૩૮૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૭૦ બિયરટીન ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૮૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૬ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૫૮૪/૨૦૨૫**

**સાબરમતીઃ** ગંગાજી નારાજી વણઝારા (ઉ.વ.૪૯)(રહે.દેવરથ બંગ્લોઝ ન્યુ.સી.જી.રોડ ચાંદખેડા) એ તા.૦૧/૦૫/૨૦૨૫ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે નવેમ્બર/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) દીલીપ બનારસીલાલ મલ્લાહ (રહે. રાજેશ્વરી સોસાયટી, ધરતી બંગ્લો પાછળ, આઇ.ઓ.સી.રોડ ચાંદખેડા) અને (૨) ચિરાગ બળદેવભાઇ પારેખ (રહે.બાલાજી ઉપવન નર્મદા કેનાલ પાસે ઝુંડાલ) એ ભેગામળી સાબરમતી રામનગર ખાતે આવેલ અચેરની ફાઇનલ પ્લોટ નં-૧૭૨ પૈકી ટી.પી. નં-૨૩ ની ૪૪૪ ચો.મી.નો પ્લોટ બેન્ક ઓફ બરોડા નવરંગપુરા શાખામાં ઓક્શનમાં આવેલ છે તે પ્લોટ ગંગાજી વણઝારાને સારા ભાવમા ખરીદ કરી આપવાનુ કહી ગંગાજી વણઝારાને વિશ્વાસમા લઇ, આર.ટી.જી.એસ. મારફતે તેમજ રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૫૦,૦૦,૦૦૦/- (પચાસ લાખ) ગંગાજી વણઝારા પાસેથી મેળવી લઇ, ચિરાગ બળદેવભાઇ પારેખે સદર પ્લોટની પોતાના નામે ઓક્શનમા ખરીદી કરી, તે પ્લોટ અન્ય વ્યક્તિને વેચી દીધેલ હતો. જેથી ગંગાજી વણઝારા નાઓએ પોતે આપેલ પૈસા અવાર-નવાર પરત માગતા, આરોપી દીલીપ બનારસીલાલ મલ્લાહ એ ગંગાજી વણઝારા ને રૂપિયા ૨૦,૦૦,૦૦૦/-(વીસ લાખ) પરત આપેલ હતા અને બાકી લેણા રૂપિયા ૩૦,૦૦,૦૦૦/- ની ઉઘરાણી કરતા ખોટા વાયદાઓ આપી રૂપિયા પરત નહી કરી, ગંગાજી વણઝારા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

**ક્રાઇમબ્રાંચ:** તુષાર અરવિંદભાઇ પટેલ (ઉ.વ.૪૫)(રહે, મંદાકીની સોસાયટી, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા) એ તા.૦૧/૦૫/૨૦૨૫ ના રોજ ક્રાઇમબ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૨/૨૦૨૩ થી તા.૨૮/૦૬/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અલ્પાબેન દિનેશભાઇ નંદની ઠક્કર (રહે.રૂમ નં.૫૪૪, પ્લોટ નં.૧૧, ગેટ નં.૫, જુના કલેકટર કંમ્પાઉન્ડ, માલવાણી, મલાડ વેસ્ટ, મુંબઈ) અને (૨) કુલશ્રેષ્ઠ રાજુલ (એટલાન્ટીક સ્ટડી ઓવર્સીસ ના પ્રોપરાઈટર) (રહે.૨૦૪, બી–ટુ–બી, સેન્ટર કેબીન–એ, મલાડ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પાછળ, મલાડ વેસ્ટ, મુંબઇ) એ ભેગામળી એસ.જી.હાઈવે, ક્રાઉન હોટલ ખાતે કેનેડા દેશના પરમનેંટ રેસીડેન્ટ (પી.આર.) વીઝા અપાવી દેવાની લાલચ આપી, તુષાર પટેલ પાસેથી રોકડ રૂપિયા ૬૫,૦૦૦/– તથા અલગ–અલગ બેંક ખાતામાં ૧૩,૭૫,૦૦૦/– અને ૧૬,૦૦,૦૦૦/– રૂપિયા ટ્રાન્સફર કરાવી કુલ રૂપિયા ૩૦,૪૦,૦૦૦/– મેળવી લઇ તેમજ તુષાર પટેલના સાળા હસીત રમેશભાઈ પટેલ (રહે, શુભલાભ સોસાયટી અપેક્ષા કોમ્પલેક્ષની બાજુમાં, ઘાટલોડીયા) નાઓને પણ કેનેડા ના પી.આર. કરી આપવાનુ જણાવી તેઓ પાસેથી કુલ રૂપિયા ૨૬,૫૦,૦૦૦/– બેંકના ખાતામાં ટ્રાન્સફર કરાવી લઇ કુલ રૂપિયા ૫૬,૯૦,૦૦૦/– મેળવી લઇ, કેનેડાના પી.આર.વીઝા નહી કરી આપી તેમજ રૂપિયા પરત નહી આપી, તુષાર અરવિંદભાઇ પટેલ તથા તેમના સાળા હસીત રમેશભાઈ પટેલ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.ઝાલા ચલાવે છે.

**સાયબર ક્રાઇમ:** હરીશભાઇ શીશપાલદાસ મહેશ્વરી (ઉ.વ.૫૭)(રહે,સાગર ફલેટ, ઘેવર સર્કલ પાસે, શાહીબાગ) એ તા.૦૧/૦૫/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૩/૨૦૨૫ રાતના ૯/૩૦ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન ઓનલાઇન ઈન્ટરનેટના માધ્યમથી હરીશભાઇ મહેશ્વરીની કંપનીની જાણ બહાર તેમની કંપનીના મોબાઇલમાંથી ઓ.ટી.પી. મેળવી લઇ બેંક ખાતામાંથી રૂપિયા ૪,૯૯,૦૦૦/– અને ૨,૬૫,૦૦૦/– મળી બે ટ્રાન્ઝેકશન દ્રારા કુલ રૂપિયા ૭,૬૪,૦૦૦/– ઉપાડી લઇ હરીશભાઇ મહેશ્વરી સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.આર.ગામીત ચલાવે છે.

**ઘરફોડ:–** **સમાચાર યાદી નં.૫૮૫/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટ:** કિશનકુમાર નંદકિશોર ગોએન્કા (ઉ.વ.૬૭)(રહે,આકાશ ટાવર, જજીસ બંગ્લો રોડ, બોડકદેવ મુળ વતન: વિજય ઈન્ડસ્ટ્રીસ, સહરાનપુર રોડ, યમુનાનગર, હરીયાણા) એ તા.૦૧/૦૫/૨૦૨૫ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૪/૨૦૨૫ સાંજના ૭/૪૫ થી તા.૩૦/૦૪/૨૦૨૫ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન ગોતા ચહેરમાતાના મંદીરની પાસે “ચહેર એસ્ટેટ” દુકાન નંબર:– એ/૩ ના ગોડાઉનના શટરનુ પતરૂ તોડી, અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી, ટેબલમાંથી રોકડ રૂપિયા ૧,૬૦,૦૦૦/– ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.મિસ્ત્રી ચલાવે છે.

**ઓઢવ:** કેતનભાઈ ઉપેન્દ્રભાઈ પંડયા (ઉ.વ.૩૭)(રહે.મ.નં.બી/૨૦૪ મહાવીરબાગ સોસાયટી પંચદેવ મંદિર પાસે, અર્બુદાનગર ઓઢવ) એ તા.૦૧/૦૫/૨૦૨૫ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૪/૨૦૨૫ સવારના ૫/૦૦ થી તા.૩૦/૦૪/૨૦૨૫ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૫૩,૫૦૦/– અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૫૩,૫૦૦/– મતાની ચોરી કરી હતી તેમજ મ.નં.બી/૨૨૮ માં રહેતા દિલીપસિંહના ઘરના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ તેઓના ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૭૩,૫૦૦/– ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.ચૌહાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૮૬/૨૦૨૫**

**શાહપુરઃ** છાયાબેન ડો/ઓ દિનેશભાઈ દાતણીયા (ઉ.વ.૧૫)(રહે.ડોકટરનુ ડેહલુ કીડીપાડાની પોળ નાગોરીવાડ શાહપુર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૫/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સાડી વડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.આર.જોટાણા ચલાવે છે.

**શાહીબાગઃ** કમલેશકુમાર રમેશચંદ્ર કુમાવત (ઉ.વ.૩૧)(રહે. ગામ:- બહેપુર મદસૌર મધ્યપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૫/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યા પહેલા શાહીબાગ અક્ષર રેસ્ટોરેંટના ત્રીજા માળે રૂમ નંબર- ૧૧૪ ખાતે પોતાની જાતે કોઇ ઝેરી પ્રવાહી પી લેતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર ભીખુભાઇ ચલાવે છે.

**વટવા જીઆઇડીસીઃ-** યોગેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ ક્ષત્રીય (ઉ.વ.૩૪)(રહે.પંચરત્ન ફ્પોરા વિંઝોલ વટવા જીઆઇડીસી) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૫/૨૦૨૫ સવારના ૭/૦૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે લોખંડના હુક સાથે દોરડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

**નારોલઃ** અનથા ઉર્ફે કાજલ વા/ઓ ફેયાજ અહમદ શેખ (ઉ.વ.૧૮)(રહે.આશીયાના પાર્ક, બાગે કૌશરની બાજુમાં નારોલ મુળ વતન:- ગામ-બનારસ થાના-અલીનગર તા.બિલારીડી જી.ચંદોલી ઉત્તરપ્રદેશ) તા.૦૧/૦૫/૨૦૨૫ બપોરના ૨/૨૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમી.શ્રી "કે" ડીવીઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી